

### સંબંધોના તાણાવાણા
ગીતા શ્રોફ

# છુપાવેલ સત્ય પર આધારિત લગ્ન: સંબંધોનું ભવિષ્ય નબળું

લગ્ન એટલે બે જીવનોનું એકીકરણ. વિશ્વાસ, પારદર્શિતા અને સત્ય એ એના પાયા છે પરંતુ જ્યારે આ પાયા જ કમજોર હોય, કંઇક છુપાવીને, અર્ધસત્ય કહીને કે જૂઠું બોલીને સંબંધ બાંધવામાં આવે ત્યારે એ સંબંધનું ભવિષ્ય ઘણી વાર તોફાની બની જાય છે. ઘણાં લોકોને લાગે છે કે, ‘હમણાં કહું તો વાત બગડશે, લગ્ન બાદ બધું ઠીક થઇ જશે.’ પણ શું જીવન એટલું સરળ છે? જ્યારે કોઇ પોતાની આર્થિક સ્થિતિ, પરિવારની સમસ્યાઓ, આરોગ્ય, પહેલાં પડેલા સંબંધો અથવા પોતાના સ્વભાવનાં મહત્ત્વનાં તથ્યો છુપાવે છે ત્યારે તે લગ્નસંબંધને હચમચાવી દે છે અથવા તોડી નાંખે છે, શંકા વાવી દે છે, સન્માન ઘટાડી દે છે, પ્રેમને ભારણ બનાવી દે છે.

આપણી પૌરાણિક કથાઓ થકી આ સમજવું ખૂબ સરળ બનતું હતું પરંતુ સમયની સાથે આપણાં પુરાણોની સમજને આપણે જ આપણા સ્વહસ્તે જમીનમાં દાટી દીધી એટલે કે સ્મૃતિમાંથી તદ્દન હટાવી દીધી. આજે આ વિષયને નળ અને દમયંતીની પૌરાણિક કથા થકી સમજીએ. જે કથા દરેક પતિ-પત્ની માટે સત્ય, પ્રેમ, ધૈર્ય અને ભાગ્યની કસોટીનું જીવંત દૃષ્ટાંત છે.

વિદર્ભ દેશની રાજકુમારી દમયંતી અતિ સુંદર, બુદ્ધિશાળી અને સદ્‌ગુણોથી ભરપૂર હતી. નિષેધ દેશના રાજા નળ સત્યનિષ્ઠ, ન્યાયી અને પરાક્રમી હતા. બંનેએ એકબીજાને ક્યારેય જોયાં નહોતાં પરંતુ હંસ (આધુનિક સમાજમાં મેરેજ બ્યૂરો)ના માધ્યમથી એકબીજાના ગુણ સાંભળીને પ્રેમમાં પડ્યાં. દમયંતીના સ્વયંવરમાં ચાર દેવતાઓ પણ નળનું સ્વરૂપ ધારણ કરી દમયંતીને પામવા આવ્યા હતા. ચાર દેવતા અને એક નળ-પાંચેય સરખા દેખાતા હતા પણ દમયંતીએ બુદ્ધિચાતુર્યથી સત્યની ઓળખ કરી. જે નળના પગ જમીનને સ્પર્શતા હતા, જેના શરીર પર પરસેવો હતો-તે માનવ નળને તેણીએ વરમાળા પહેરાવી. (મેરેજ બ્યૂરો થકી એકસમાન જણાતા 4-5 ઉમેદવારોમાંથી પોતાને યોગ્ય બાહ્ય રંગથી છેતરાયા વિના, બુદ્ધિચાતુર્યથી આંતરિક રંગ જોવા-ઓળખવાની સમજ કેળવવી જરૂરી છે.) નળ દમયંતીના લગ્નથી કલિદેવ રિસાયા. તેણે નળના જીવનમાં પ્રવેશી તેને જુગારની લત લગાવી. જેમાં નળે રાજ્ય ગુમાવ્યું, ધન ખોયું અને વનમાં ભટકવું પડ્યું. અંતે દુઃખ અને અપરાધભાવથી દમયંતીને વનમાં એકલી છોડી દીધી. સત્ય છુપાવીને વાત કર્યા વિના. અહીંથી દુઃખની શરૂઆત થઇ. દમયંતી અનેક કષ્ટો સહન કરીને અંતે પિતાના મહેલ પહોંચે છે. નળ પણ અનેક રૂપ બદલી, દુઃખ સહન કરી, પોતાના કર્મો પર પસ્તાય છે. સમય પસાર થાય છે-બંને પોતપોતાના સંઘર્ષથી પકવ બને છે. એક બુદ્ધિપૂર્વક રચાયેલી યુક્તિથી દમયંતી નળને ઓળખે છે. નળ પોતાની ભૂલ સ્વીકારે છે, સત્ય કહી માફી માંગે છે. કળિનો પ્રભાવ દૂર થાય છે, નળને ફરી રાજ્ય મળે છે. દમયંતી નળને હૃદયપૂર્વક સ્વીકારે છે.

આ કથા એ સમજાવે છે કે,

સત્ય છૂટે તો સુખ છૂટે. જૂઠું કે અર્ધસત્ય-અસત્ય થોડા સમય માટે બચાવે પણ લાંબા ગાળે તોડી નાખે. પ્રેમ સાથે સત્ય અને ધૈર્ય જોડાય તો વિયોગ પણ પુનર્મિલનમાં ફેરવાય. કળિ જેવા લોકો દેવનું સ્વરૂપ ધારણ કરી તમારા જીવનને હચમચાવવા આવી શકે છે પરંતુ તમારામાં રહેલ ધૈર્ય, સંયમ, પારદર્શિતા, સચ્ચાઈ તથા વિશ્વાસ તમને એમાંથી સાચો મારગ બતાવી શકે છે. હાલના સમયમાં ઘર-ઘરમાં આવા કળિઓ પ્રવેશી ગયા છે, જેણે લગ્ન સંબંધને નબળો-શક્તિહીન બનાવી દીધો છે. થોડાંક કેસીસને સમજવા પ્રયત્ન કરીશું.

**લગ્ન માત્ર સામાજિક કરાર નથી પરંતુ બે મનુષ્યો વચ્ચેનો સૌથી નાજુક અને વિશ્વાસ આધારિત સંબંધ છે. આ સંબંધનો પાયો જો શરૂઆતથી જ અર્ધસત્ય, છુપાવટ કે જૂઠ્ઠા પર ઊભો કરવામાં આવે તો એ લગ્ન સમય સાથે ભારણ બની જાય છે**

## કેસ 1

રશ્મિ કોલેજમાં જતી સગીર છોકરી હતી. તેના જ પરિવારના એક પ્રૌઢ સંબંધીએ તેને ફોસલાવીને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા, જે 3-4 વર્ષ સુધી ચાલ્યા. રશ્મિની ઉંમર વધતાં તેના માતા-પિતાએ તેના લગ્ન માટે મુરતિયા બતાવવા શરૂ કર્યા પરંતુ પેલા પ્રૌઢ સંબંધીએ સમજાવી-પટાવી-ધમકાવીને રશ્મિને તેનો અસ્વીકાર કરવા આગ્રહ રાખ્યો પરંતુ અનેક છોકરાઓને ‘ના’ કહી નાપસંદ કર્યા બાદ આખરે એક છોકરો અશ્વિન તેને ગમી ગયો. અશ્વિન પણ રશ્મિના પ્રેમમાં પડી ગયો. બંનેની સગાઈ થઇ ગઈ. પેલા પ્રૌઢે તે સગાઈ તોડાવવા ખૂબ કાવાદાવા રચ્યા પણ તે અસફળ રહ્યા. હવે તે બ્લેકમેઇલિંગ પર ઊતર્યા. એક વાર રશ્મિ જ્યારે સાસરે રહેવા ગઈ હતી ત્યારે તે પ્રૌઢ તેના સાસરે વડીલ તરીકે પહોંચી ગયા. હવે રશ્મિ ગભરાઈ ગઈ, જે અશ્વિને ભાંપી લીધું. તેણે રશ્મિને પ્રેમથી પૂછતાં, રશ્મિએ સત્ય હકીકત જણાવી, અશ્વિને તેને સાથ આપવા વચન આપ્યું પરંતુ હવે તે પ્રૌઢ અશ્વિનના ઘરમાં આ હકીકત જણાવવા ધમકી આપવા લાગ્યા. રશ્મિ-અશ્વિને સામાજિક કાર્યકરની મદદ માંગી જેથી પોલીસની મદદથી સૌ પ્રથમ તો પેલા પ્રૌઢને પકડી લીધો. પછીથી રશ્મિ -અશ્વિનને સમજાવી તેમનાં માતા-પિતાને સામાજિક કાર્યકર અને પોલીસે શાંતિથી સમજાવ્યાં. રશ્મિનાં માતા-પિતા તો મૂઢ બની ગયાં પરંતુ અશ્વિનનાં માતા-પિતાને હકીકત સ્વીકારવા માટે તૈયાર કરવામાં ખાસ્સો સમય લાગ્યો પરંતુ જેવાં અશ્વિનનાં માતા-પિતા વાસ્તવિક સંજોગો સમજ્યાં તેમણે સામેથી જ પેલા પ્રૌઢ વિરૂદ્ધ POSCOની કાયદાકીય કાર્યવાહી શરૂ કરવાની સલાહ આપી. થોડા સમય બાદ રશ્મિ-અશ્વિનના લગ્ન થઇ ગયા અને બે સંતાનો પણ થઇ ગયાં. ફક્ત અશ્વિને એટલી શરત મૂકી કે હવે પછીથી આ બનાવ સાથે જોડાયેલ કે જાણકાર એવા કોઇ સાથે સંપર્કમાં ન રહેવું. એનાં માતાપિતા સાથે સંબંધ રાખવાની એને છૂટ નહોતી પરંતુ રશ્મિ છુપાઈને ક્યારેક તેનાં બાળકોને વીડિયોકોલ પર માતાપિતા સાથે વાત કરાવતી પરંતુ એક દિવસ હિંમતથી તેણે અશ્વિનને આ સત્ય પણ જણાવી દીધું. હવે અશ્વિન પણ ક્યારેક કોલ પર જોડાય છે.

## કેસ - 2

કોમલ અને કાર્યના લગ્નને બે વર્ષ થયાં હતાં. લગ્નના પહેલા જ વર્ષે કાર્યના લગ્ન પહેલાંના પ્રિયંકા સાથેના પ્રેમની વાત કોમલ આગળ છતી થઇ હતી. પ્રિયંકા કાર્યની ઓફિસમાં જ કામ કરતી હતી. જ્યારથી કોમલને આ વાતની જાણ થઇ ત્યારથી તેના મનમાં શંકાના કીડા સળવળ્યા કરતા. તેના અને કાર્યના સંબંધમાં ખાઈ પડવા લાગી. કાર્ય ગમે તેટલા પ્રયત્નો કરતો પણ કોમલને તેનામાં વિશ્વાસ બેસતો નહીં. કાર્યે તેને છેતરી એ વાત તે ભૂલી શકતી નહોતી. કાર્ય ધીમે ધીમે કોમલથી દૂર થવા દારૂની લતે ચડી ગયો અને ફરીથી પ્રિયંકા સાથે સંબંધમાં જોડાઈ ગયો. પ્રિયંકાને પણ જ્યારથી જાણ થઇ કે તેના કારણે કાર્યનું લગ્નજીવન ભંગાણે ચડ્યું છે ત્યારથી તે કાર્ય તરફ વધુ ઢળવા લાગી. હવે કાર્ય અને પ્રિયંકા બંનેના લગ્નજીવન દાવ પર લાગ્યા. પ્રિયંકાને તો એક બાળક પણ હતું. કોમલ રિસાઈને પિયર જતી રહી. આ બાજુ કાર્ય એકદમ નિશ્ચિંતપણે પ્રિયંકાને મળવા લાગ્યો પરંતુ પ્રિયંકા પોતાનો સંસાર ઉજાડવા નહોતી માંગતી તેથી કાર્યની અવગણના કરવા લાગી. કાર્યને સમજાયું કે તેણે ખૂબ મોટી ભૂલ કરી હતી અને ભૂલનું ફરી વાર પુનરાવર્તન પણ કર્યું. તેણે રીહેબમાં જઇ દારૂનું વ્યસન છોડ્યું અને થેરાપીસ્ટની મદદથી જીવનના સંઘર્ષોને સમજીને તેની સામે ઝઝૂમે છે.

કોમલને જયારે આ વાતની જાણ થઈ ત્યારે તેણે કાર્યને ફરીથી પોતાના જીવનમાં પ્રવેશ આપ્યો. બંનેને એકમેકથી અલગ રહીને જીવનને સાચા અર્થમાં સમજાયું.

લગ્ન માત્ર સામાજિક કરાર નથી પરંતુ બે મનુષ્યો વચ્ચેનો સૌથી નાજુક અને વિશ્વાસ આધારિત સંબંધ છે. આ સંબંધનો પાયો જો શરૂઆતથી જ અર્ધસત્ય, છુપાવટ કે જૂઠ્ઠા પર ઊભો કરવામાં આવે તો એ લગ્ન સમય સાથે ભારણ બની જાય છે. આજના સમયમાં ઘણા વૈવાહિક વિવાદોની શરૂઆત ‘સત્ય પછીથી ખબર પડ્યું’ થી થાય છે. લગ્ન પહેલાં લોકો ઘણી વાર કહે છે, ‘હમણાં કહીશ તો લગ્ન તૂટી જશે’. ‘પછી ધીમે ધીમે બધું સમજાવી દઇશ’ પરંતુ આ વિચાર જ સંબંધની પહેલી ભૂલ બને છે. લગ્ન પહેલાં ખાસ કરીને, આર્થિક સ્થિતિ, દેવું, આરોગ્ય સંબંધિત મુદ્દા, લગ્ન અગાઉના સંબંધો, વ્યસન, આદતો, કઠોર સ્વભાવ, પરિવારની આંતરિક સમસ્યાઓ છુપાવવામાં આવે છે અને લગ્ન પછી જ્યારે સત્ય બહાર આવે છે, ત્યારે પ્રેમ કરતાં પહેલાં વિશ્વાસ ઘાયલ થાય છે.

## પ્રિસ્ક્રિપ્શન :

- લગ્ન પહેલાં તમારી હકીકત, મર્યાદા અને જવાબદારીઓ વિશે ખુલ્લી વાતચીત કરો.
- સામાવાળાના સત્ય/હકીકતના અસ્વીકારની શક્યતાને સ્વીકારો.
- પરિવારને જાણમાં રાખો.
- આર્થિક બાબતો, રહેઠાણ, કારકિર્દી વિશેની સ્પષ્ટતા ભવિષ્યના વિવાદ ટાળે છે.
- લગ્ન પહેલાંનું કાઉન્સેલીંગ ઘણી ગેરસમજો દૂર કરે છે.
- લાગણીના દબાણમાં નિર્ણય ન લો. ‘લગ્ન નજીક છે ’ એ કારણે સત્ય ન છુપાવો.
- સંપૂર્ણ સત્ય એક સાથે કહો. અર્ધસત્ય ફરી વિશ્વાસ તોડે છે.
- જવાબદારી સ્વીકારો, બહાનાં નહીં. ‘પરિસ્થિતિ એવી હતી’ એવું કહેવાને બદલે ‘મારી ભૂલ હતી’ એ શબ્દોમાં શક્તિ છે.
- સમય આપો. વિશ્વાસને ઉછેરવો પડે છે જે માટે સમય જરૂરી.
- લગ્ન પહેલાં પૂછવું જોઈએ. ‘શું હું સાચા સ્વરૂપ સાથે સ્વીકારાઈ શકું?’ જો જવાબ હા હોય તો એ સંબંધ સાચો છે. જો ના હોય તો લગ્ન પહેલાં જ રોકાઈ જાવ.
- સચ્ચાઈથી શરૂ થયેલો સંબંધ કઠીન સમયને પણ સહન કરી શકે છે પણ છુપાવટથી શરૂ થયેલો સંબંધ નાની વાતે પણ તૂટી જાય છે.